## જન્મદિને વધામણી



એમ જી ચૌહાણ
કારોબારી સભ્ય, ગાંધીનગર શહેર પેન્શનર સમાજ



રીટાબેન દિપકભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪

### રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રાથમિક શાળાઓમાં

# ૬૦ હજાર બેઠકો માટે ૮૧ હજાર અરજીઓ

ગાંધીનગર, તા. ૧૬

રાજયની જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીઓને રાઈટ ટુ એજ્યુકેશનમાં પ્રવેશ લેવા માટે વાલીઓને ફોર્મ ભરવાની સૂચના અપાઈ હતી. કુલ ૬૦ હજાર બેઠકો માટે ૮૧ ૨૪૫ જેટલી અરજી આવી હતી. આગામી દિવસોમાં આ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે પરંતુ બેઠકો કરતાં વધુ અરજીઓ આવી હોવાથી તમામને પ્રવેશ મળી રહે તે માટે આરટીઈ પ્રવેશ કમિટી દ્વારા બેઠકોમાં વધારો થાય તેવી માંગણી વિભાગ સમક્ષ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે જવાબ આપવામાં આવ્યા બાદ પ્રવેશ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં હજુ એક સપ્તાહ જેટલો સમય લાગે તેવી શકયતા જોવા મળી રહી છે. રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને પ્રવેશ મળે તે માટે વર્ષ ૨૦૦૯થી રાઈટ ટુ એજ્યુકેશન સ્કીમ દાખલ કરવામાં આવી છે. જયારે આ સ્કીમ શરૂ થઈ ત્યારે તેમાં કોનો સમાવેશ થશે અને કેવી રીતે પ્રવેશ આપવામાં આવશે તે સહિતના જુદા જુદા મુદ્દાઓને લઈને ભારે વિવાદ ઉભો થયો હતો. જો કે, ચાલુ વર્ષે તમામ કાર્યવાહી ઓનલાઈન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજયની જુદી જુદી ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ૬૦ હજાર જેટલી બેઠકો આરટીઈ સ્કીમ હેઠળ અનામત રાખવામાં આવી છે. નિર્ધારીત કરાયેલા ધારાધોરણોમાં સમાવેશ થતો હોય તેવા વાલીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૮૨ હજારથી વધુ વાલીઓએ આરટીઈમાં




પ્રવેશ લેવા માટે દરખાસ્ત કરી દીધી છે. આરટીઈ કમિટીને મળેલી કુલ અરજીઓ પૈકી ખરેખર કઈ અરજીઓ પ્રવેશ માટે લાયક છે તેની ચકાસણી કરવામાં આવતાં અંદાજે ૧૫૪૯ જેટલી અરજીઓ રદ થઈ હતી. જેના કારણે પ્રવેશ માટે ૮૧ ૨૪૫ જેટલી અરજીઓ માન્ય કરવામાં આવી હતી. પહેલી વખત ઓનલાઈન અરજીઓમાં બેઠકો કરતાં વધુ અરજીઓ આવતાં હાલ ભારે મુશ્કેલી ઉભી થઈ છે. રાઈટ ટુ એજ્યુકેશન કમિટી પાસે માત્ર ૬૦ હજાર બેઠકો ઉપલબ્ધ છે આવેલી અરજીઓ જોતાં અદાજે ૨૧ ૨૪૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ વંચિત રહેવું પડે તેમ છે. આ પ્રકારની સ્થિતિ જોતાં હવે શું કરવું તેની વિમાસણ કમિટી સમક્ષ ઊભી થઈ છે. સૂત્રો કહે છે અગાઉ કમિટી દ્વારા તા.૧૭મી એપ્રિલથી આરટીઈ હેઠળ વિદ્યાર્થીઓને જુદી જુદી શાળાઓમાં પ્રવેશ ફાળવી આપવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. પરંતુ બેઠકો કરતાં અનેકગણી વધુ અરજીઓ મળવાના કારણે કમિટી દ્વારા સરકાર એટલે કે શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરવાનું નક્કી કરાયું છે. આગામી દિવસોમાં કમિટી દ્વારા આ મુદ્દે સરકાર સમક્ષ રજૂઆત કરીને શકય હોય તો રાઈટ ટુ એજ્યુકેશનમાં હાલમાં જે ૬૦ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે તેના બદલે આ બેઠકો વધારવામાં આવે તો જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહે તેમ છે તે પૈકી કેટલાકનો સમાવેશ કરી શકાય. જો કે, શિક્ષણ વિભાગ દ્વારા આ મુદ્દે કોઈ નિર્ણય આપવામાં આવે ત્યાર પછી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવું હાલમાં નક્કી કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

કિસ્મત....
કિસ્મતની
એક આદત હોય છે -
એ બદલાય છે ચોક્કસ.
અને જ્યારે બદલાય છે
ત્યારે બધું જ
બદલી નાખે છે.
એટલે
તમારા દિવસો
સારા ચાલતા હોય
તો અહંકાર ના કરો
અને તમારા દિવસો
ખરાબ ચાલતા હોય
તો ધીરજ ધરો.

# સીએ કોર્સમાં ફેરફારો કરવાની કવાયત શરૂ

ગાંધીનગર, તા. ૧૬

સી.એ.ના કોર્સ માટે દર ૧૦ વર્ષે રિવ્યૂ કમિટી દ્વારા ફેરવિચારણા કરવામાં આવે છે. અગાઉ ૧૦ વર્ષ પહેલા સી.એ.ના કોર્સમાં ફેરફારો કરાયા હતા. હવે ફરીવાર સી.એ. કોર્સમાં ફેરફારો કરવાની કવાયત શરૂ કરાઈ છે. અગાઉ સી.એ. ઈન્સ્ટિટયૂટ દ્વારા નવા કોર્સનો ડ્રાફ્ટ તૈયાર કરીને મંત્રાલયને મોકલી અપાયો હતો. પરંતુ સુધારા-વધારા માટે આ ડ્રાફ્ટ પાછો મોકલવામાં આવ્યો હતો. હવે ફરીવાર નવો ડ્રાફ્ટ તૈયાર કરીને મોકલાયો છે. આગામી દિવસમાં ડ્રાફ્ટને મંજૂરી મળતાં જ નવો કોર્સ લાગુ કરાશે. નવા કોર્સમાં સીપીટી આઈપીસીસીનું નામ બદલવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત દરેકમાં પેપરોની સંખ્યામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ખાસ કરીને જીએસસીને લગતા વિષયોનો નવા કોર્સમાં સમાવેશ કરી દેવાયો છે.

આઈસીએઆઈ વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલની ચેરમેન સીએ વિષ્ણુ અગ્રવાલે સી.એ.ના કોર્સમાં થનારા ફેરફારો અંગે ચર્ચા કરી હતી. તેઓએ કહ્યું કે સીપીટીનું નામ બદલીને હવે ફાઉન્ડેશન કરી દેવામાં આવશે. સીપીટીમાં અત્યાર સુધી ૪ વિષયોની ૨૦૦ માર્કસની પરીક્ષા લેવામાં આવતી હતી. જેના બદલે હવે ફાઉન્ડેશનમાં ચાર વિષયો રહેશે અને દરેકના ૧૦૦ માર્કસ રહેશે. ૨૦૦ માર્કસ ઓબ્જેક્ટિવ અને ૨૦ માર્કસ સબ્જેક્ટિવના રહેશે. હાલમાં સીપીટી પાસ કર્યા પછી વિદ્યાર્થી આઈપીસીસીમાં જઈ શકે છે. આઈપીસીસીનું નામ બદલીને હવે ઈન્ટર મિડિયેટ કરી દેવાયુ છે. આઈપીસીસીમાં અગાઉ ૬ પેપરોની પરીક્ષા લેવામાં આવતી હતી. હવે તેનુ નામ ઈન્ટર મિડીયેટ થયા પછી ૮ વિષયોની પરીક્ષા લેવામાં આવશે. પહેલા ગ્રુપમાં ચાર અને બીજા ગ્રુપમાં ચાર વિષયોની પરીક્ષા આપવાની રહેશે. ઈન્ટર મિડીયેટ કર્યા પછી વિદ્યાર્થીએ ત્રણ વર્ષની આર્ટિકલશીપ કરીને સીધી ફાઈનલની પરીક્ષા આપી શકશે. ફાઈનલમાં પણ વિદ્યાર્થીઓ આઠ વિષયની પરીક્ષા આપવાની રહેશે. જેમાં પહેલા બીજા ગ્રૂપમાં પેપર ૬માં ખાસ ફેરફાર કરીને ઈલેક્ટિવ પેપર રાખવામાં આવ્યુ છે. જેમાં વિદ્યાર્થીઓને પોતાની ઈચ્છા પ્રમાણે છ જુદા જુદા ફીલ્ડમાંથી કોઈપણ એકની પસંદગી કરી શકશે.

આ છ ફીલ્ડમાં ખાસ રીસ્ક મેનેજમેન્ટ, ઈન્ટરનેશનલ ટેકસેશન, ઈકોનોમિકસ લૉ, ફાયનાન્સિય સર્વિસ એન્ડ કેપીટલ માર્કેટ, ગ્લોબલ ફાયનાન્સિલ રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ અને મલ્ટિડીસિપ્લનરી કેસ સ્ટડીઝ પૈકીઓ કોઈપણ એકની પસંદગી કરી શકશે. નોંધનીય છે કે અગાઉ સી.એ.ના નવા કોર્સનો ડ્રાફ્ટ મોકલવામાં આવ્યો હતો. જેને લૉ ડીપાર્ટમેન્ટ દ્વારા પરત મોકલવામાં આવ્યો હતો. હવે જૂના કોર્સમાં અંદાજે ૩૫ ટકાથી વધારે ફેરફાર કરીને નવો કોર્સ ડિઝાઈન કરવામાં આવ્યો છે. જેને મંજુરી મળી જાય તેવી શકયતાં છે. આગામી દિવસોમાં આ નવા કોર્સને મંજુરી મળે તો પણ તેનો અમલ કરતાં એક વર્ષનો સમય લાગશે. એટલે કે વર્ષ ૨૦૧૮માં નવો કોર્સ લાગુ કરવામાં આવશે.

## ગુજ. યુનિ.માં રજિસ્ટ્રારની જગ્યા ખાલી : ભરવા સરકારની મંજૂરી લેવી પડશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાય વર્ષોથી રજિસ્ટ્રારની જગ્યા ખાલી પડી છે. સામાન્ય રીતે ત્રણ વર્ષથી વધુ સમય સુધી મહત્વની જગ્યા ખાલી રહે તો તેને ભરવા માટે નવેસરથી સરકારની મંજૂરી લેવી પડતી હોય છે. આ સ્થિતિ હાલ ગુજરાત યુનિવર્સિટીમાં ઊભી થઈ છે. રજિસ્ટ્રારની ખાલી જગ્યા ભરવા માટે હવે સરકારની મંજૂરી લેવી પડે તેમ છે. આ સિવાય ચીફ એકાઉન્ટન્ટની ખાલી જગ્યા ભરવા માટે હાલ જાહેરાત આપીને અરજીઓ મંગાવવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે.

ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા વારંવાર પ્રયાસો કરવા છતાં છેલ્લા ચાર કરતાં વધુ વર્ષથી રજિસ્ટ્રારની જગ્યા ખાલી પડી છે. અનેક વખત જાહેરાત આપીને અરજી મંગાવી ઈન્ટરવ્યૂ કર્યા પછી યોગ્ય ઉમેદવારો મળી શકયા નથી. ભૂતકાળમાં જે ઉમેદવારો પસંદ થયા હતા તેઓએ એક યા બીજા કારણોસર રજિસ્ટ્રારની જવાબદારી સ્વીકારવા ઈન્કાર કર્યો હતો.

# કેન્સર સામે આશાનું કિરણ દર્દીઓનું આયુષ્ય વધારી શકાશે

ગાંધીનગર, તા. ૧૬

કેન્સર રોગ માટે હજુ પણ ઘણા લોકો ‘કેન્સલ’ શબ્દ પ્રયોગ કરે છે, પરંતુ વિશ્વસ્તરે કેન્સરની સારવાર અને સર્જરી કરવા લેટેસ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે કેન્સર પીડિત દર્દીઓનું આયુષ્ય વધારી શકાય છે. GCRI (ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) દ્વારા ત્રણ દિવસીય ‘યુજીકોન-૨૦૧૭’ નું આયોજન થયું છે જેમાં જાપાન અને નેધરલેન્ડના નિષ્ણાત કેન્સર ઓન્કોલોજિસ્ટ દ્વારા અન્નનળી અને હોજરીની લાઈવ કિ-હોલ સર્જરી કરવામાં આવી હતી. ભારતના જુદાજુદા શહેરોમાંથી આશરે ૨૦૦ જેટલા ડૉક્ટર્સે આ યુજીકોનમાં ભાગ લીધો હતો અને લેટેસ્ટ સર્જરીની ટેકનિકનાં સાક્ષી બન્યાં હતાં.

આ ત્રિદિવસીય કોન્ફરન્સ કમ વર્કશોપમાં પહેલા દિવસે અન્નનળીના કેન્સર પીડિત દર્દીઓની અને બીજા દિવસે હોજરીના કેન્સર પીડિત દર્દીઓની લાઈવ સર્જરી કરવામાં આવી હતી. તમામ લાઈવ સર્જરીની અંદર લેપ્રોસ્કોપી, થોરોસ્કોપી અને ઓપન ત્રણે પદ્ધતિનો ઉપયોગ કરાયો હતો. પ્રથમ દિવસે એમ્સર્ડેમ (નેધરલેન્ડ)થી આવેલા ડૉ. મિગલ ક્યુસ્ટાએ અન્નનળીનું થર્ડ સ્ટેજ કેન્સર ધરાવતા દર્દીની દૂરબીન વડે સર્જરી કરી હતી. આ ઉપરાંત મુંબઈના ડૉ. સંજય શર્મા અને કોલ્હાપુરના ડૉ. સુરજ પવારે સર્જરી કરી હતી.

કોન્ફરન્સના બીજા દિવસે જાપાનીઝ ડૉ. ટેકિઓ ફૂકાગવાએ હોજરીમાં પ્રસરેલા કેન્સરના દર્દીની ઓપન લાઈવ સર્જરી કરી હતી ત્યારબાદ મુંબઈના સૈલેશ શ્રીખંડે દ્વારા પણ હોજરીની ઓપન લાઈવ સર્જરી કરવામાં આવી હતી જ્યારે પૂનાના પુનતંબેકરએ હોજરીની દૂરબીન વડે સર્જરી કરી હતી. ચામુંડા બ્રિજ પાસે આવેલી જીસીએસ મેડિકલ કોલેજના ઓપરેશન થિયેટરમાંથી આ તમામ સર્જરી લાઈવ કરાઈ હતી. સર્જરી માટે આવેલા આ દર્દીઓનું કેન્સર એક હદ કરતા વધી ગયું હતું એવા દર્દીઓને કિમોથેરાપી આપી કેન્સરની માત્રાને ઘટાડાઈ હતી અને તેમને સર્જરી માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં.

ડૉ. કોઠારીએ કહ્યું કે, એડવાન્સ કેન્સરમાં ઓપરેશનની આ લેટેસ્ટ પદ્ધતિથી દર્દીને બેસ્ટ રિઝલ્ટ મળે છે. કિ-હોલ સર્જરી દ્વારા દર્દીના શરીર ઉપર એક-એક સે.મી. ના ત્રણ છીદ્ર બનાવામાં આવે છે. લેટેસ્ટ સર્જરીઓના કારણે દર્દીઓને લાંબા-લાંબા ચેકા મૂકવાની જરૂર પડતી નથી. નિયમિત દારૂ અને તમાકુની બનાવટનું સેવન કરતા લોકોને અન્નનળી અને હોજરી સંબંધિત કેન્સર થઈ શકે છે.

અનિયમિત ખાનપાનની ટેવના કારણે ઘણી વખત વ્યક્તિને ખોરાકમાંથી એસિડ બનતો હોય તે વારંવાર રિફલ્સ (બેક મારે) થવાને કારણે કેન્સર નોતરી શકે છે. ગળા નીચે ખોરાક ઉતરવામાં તકલીફ પડે, અન્નનળીમાં ચાંદુ પડે, છાતીના ભાગમાં બળતરા (બર્નિંગ સેન્સેશન) થાય, શરૂમાં સોલિડ અને પછી લિક્વિડ પણ ગળાની નીચે ન ઉતરે, શરીરનું વજન ઘટતું જાય વગેરે જેવા અન્નનળી અને હોજરીના કેન્સર સાથે સંકળાયેલા ચિહનો છે. આવા દર્દીઓની એન્ડોસ્કોપી, બાયોપ્સી, બેરિયમ સ્વોલો એક્સરે અને સિટી સ્કેન દ્વારા નિદાન કરાવી શકે છે.

## અમદાવાદ મેનેજમેન્ટ એસો.ને જાપાનીઝ ગાર્ડન ભેટ મળશે

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ચાલતું જાપાન સેન્ટર તેમજ તેની પ્રવૃત્તિઓથી અમદાવાદીઓ વાકેફ છે, જ્યાંથી તેમને જાપાની સંસ્કૃતિની ઝાંખી કરવાની અને પરિચય મેળવવાની તક મળે છે. હવે આ જાપાન સેન્ટરની મદદથી એએમએ ખાતે જાપાનીઝ લેન્ડસ્કેપ ગાર્ડનની શહેરને ભેટ મળશે. ગુજરાતના ગુડવીલ ડેલિગેશન દ્વારા હ્યોગો પ્રિફેક્ચર સાથે આ ગાર્ડન માટે કરાર થયા છે. જેમણે એએમએને આ ભેટ આપવાનું વચન આપ્યું છે. એએમએના ખાતેના ઈન્ડો જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશન સેન્ટરના પ્રેસિડેન્ટ મુકેશ પટેલની આગોવાનીમાં ૧૧ સભ્યોએ જાપાનની મુલાકાત લીધી હતી. જ્યાં જ્યાં જાપાનના હ્યોગોના ગવર્નર તોશીઝો ઈદોએ આ સભ્યોને આવકારતા આ ગાર્ડનનું વચન આપ્યું છે.

આ પ્રસંગે હ્યોગોના ગવર્નર ઈદોએ જણાવ્યું હતું કે, તેઓ પણ આ બંને રાજ્યોના સંબંધોને વધુ મજબૂત કરવા આ વર્ષના ઓક્ટોબર નવેમ્બર દરમિયાન એક વ્યાપારી તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રના આગેવાનોનું એક ડેલિગેશન ભારતની મુલાકાતે મોકલશે.

# મોસાળ એટલે બસ આનંદ, આનંદ અને આનંદ

## સંવેદના
### મારું માયાળુ મોસાળ

મારું મોસાળ એટલે વડોદરા પાસેના વાસદથી લગભગ ૫-૬ માઈલ દૂર વસેલું ગામડું સુંદણ. જ્યાં સ્વચ્છ હવા, તળાવ, કૂવાનું પાણી અને પ્રવેશદ્વારે જ રામજી મંદિર તતા ચબૂતરો જ્યાં પક્ષીઓ કિલકિલાટ કરીને જાણે આપણું સ્વર્ગમાં સ્વાગત કરતાં હોય!

મારાં બે મામા-મામી અને એક ગંગાસ્વરૂપ પ્રજ્ઞાચક્ષુ માસી હતાં. બધા જ ખૂબ માયાળુ, લાગણીશીલ સ્વભાવના હતાં. જ્યારે પણ મોસાળ જઈએ ત્યારે બંને મામા-મામી, માસીનો સ્નેહ ખૂબ જ મળતો.

ગામમાં દૂધનો માવો બનતો. મને પેંડા બહુ ભાવે એટલે નાના મામા જેમને તંબાકુનો વેપાર હતો ને બીડીઓ વળાવતા હતા તે માવો લાવીને મામીને આપતા. મામી પેંડો બનાવીને મને એકલીને જ આપતાં, એટલી લાડકવાયી હતી હું.

મોટા મામાનું નામ રણછોડ અને એ ભક્ત તરીકે ઓળખાતા, સુંદર ભજનો ગાતા, પરમાર્થનાં કાર્યો કરતા. ત્યારથી એ સંસ્કારનું સિંચન થયું કારણ કે મા તો નાનપણથી જ ગુજરી ગયાં હતાં. મામા ઈચ્છતા કે છોકરીઓને ઘરકામ શીખવવું જેથી સાસરીમાં તકલીફ ન પડે. મામી જે કોઈ રસોઈ બનાવતાં તે મને પણ અવશ્ય શીખવતાં.

એક યાદગાર પ્રસંગ છે. એક દિવસ કામવાળી આવી ન હતી. કપડાં તળાવમાં ધોવા જવાનું. મામીએ મને મોકલી પણ જ્યારે નાનાં મામીને આ વાતની ખબર પડી તો તેઓ મામીને વઢ્યા અને જાતે મને તળાવ પર લેવા આવ્યાં. આવા સ્નેહ, પ્રેમ, લાગણીશીલ મામા-મામીને ઘેર રહેવું કોને ન ગમે?

મોસાળમાં કોઈ કામ બતાવનાર નહીં, લઢનાર નહીં. બસ આનંદ, આનંદ અને આનંદ જ. જ્યારે વૅકેશન પૂરું થતું ત્યારે આ માયાળુ મોસાળની વિદાય લેવી બહુ જ અઘરી લાગતી. એ યાદો આજેય મનના મંજૂષમાં સચવાયેલી પડી છે.

વડોદરા લોહાણા સમાજની વાડીમાં મામાના નામનું ભોજનાલય આજેય અનેક પરિવારોનો આશ્રય બની રહ્યું છે.

**- જશુબેન ઠક્કર**
**ગાયત્રી પરિવાર**

વૅકેશન પડે એટલે મારા મામાના ગામ જવાનું જ જવાનું. મારા મામા મહરા રહે છે. હું ટ્રેનમાં બેસીને જાઉં છું અને રસ્તામાં દોડતાં ઝાડ જોઉં છું. મારા મામાને મોટું ખેતર છે એમાં કેરી, નારંગી અને કેળાં થાય છે. મામા અમને બધાં ફળ ખાવા આપે છે. એમના ખેતરમાં બકરી, કૂતરાં, મરઘાં અને ગાય પણ છે, પરંતુ તેઓ ખેતી ટ્રેક્ટરથી કરે છે. મારા મામાનું નામ મહેન્દ્રભાઈ, મામીનું નામ સીમા છે. બંને અમને ખૂબ વહાલ કરે છે. મારા બીજા મામાની દવાની દુકાન છે. એ દુકાનમાંથી અમને ચોકલેટ લાવી આપે છે. મારાં નાની કેરીનો રસ બનાવે ને મારા નાના રાત્રે આઈસક્રીમ લાવી આપે એટલે અમને તો મામાને ઘેર મજા જ મજા હોય છે. અમે બધાં ભેગાં મળી ઘરે અને ખેતરે મસ્તી કરીએ છીએ. મામા અમને એમની મોટરકારમાં ફરવા પણ લઈ જાય છે.

મારી દીદીનું રિઝલ્ટ સારું આવ્યું તો મામાએ એને સ્કૂટર લઈ દીધું હતું અને મારું રિઝલ્ટ સારું આવ્યું તો મને પણ બાર્બી લઈ દીધી હતી. મને મારા મામાનું ગામ પાચોરા પણ ખૂબ ખૂબ ગમે છે.

વૅકેશન પૂરું થાય અને પાછું ગાંધીનગર આવવાનું થાય ત્યારે ગમતું નથી, મામા-મામીની બહુ યાદ આવે છે.

**- અનન્યા સંજય થોરાત**
**સેક્ટર-૮ (વિદ્યાર્થી, ધોરણ-૨)**

મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે... આ બાળકાવ્ય મારી બાબતમાં એકદમ સાચું છે. કારણ મારા મામાનું ઘર સૅક્ટર-૨ ઉના વિરાટનગરમાં અને મારું ઘર સૅક્ટર-૨૭ના ગાયત્રી નગરમાં, દોડતા પહોંચી જવાય.

મારા મોટા મામા જયંતિભાઈ, મામી શારદાબેન, બીજા મામા કૃષ્ણકાન્તભાઈ અને મામી વાસંતીબેન, એમના દીકરાઓ એટલે દીપક, કેતન, જિજ્ઞેશ, સુધીર, ભૂપેન્દ્ર અને સ્વ. કૌશિક... આખું હર્યુંભર્યું ઘર. અને આ જાની પરિવાર એટલે ગાંધીનગરમાં પાયલ સ્ટુડિયોના નામે ફેમસ. હવે તો એમની સ્મિત કલર લૅબ નામે બ્રાન્ચ પણ થઈ છે.

મામાના ઘરમાં બધા જ દીકરા વચ્ચે હું એકની એક બહેન એટલે સૌની લાડકવાયી. મારા મામા એટલે ગોળનું ગાડું અને મામી એટલે મનગમતી વાનગી. ભાણી ઘરમાં આવે એટલે મામા ખાસ કાળજી લે. આજે શીરો તો કાલે કેરીનો રસ, શ્રીખંડ... જે જોઈએ તે મળી જાય. મારા ભાઈઓ બધા જ મોટા એટલે નાની બહેનને વિશેષ લાડકોડ કરે. ભાભીઓ માથામાં તેલ નાંખી વાળ પણ ઓળી આપે, હું એમની નણંદ ખરી ને?

મારા મોટા મામા ભગવાનનો અવતાર અને નાના મામા મજાકીયા સ્વભાવના. ઘરમાં મજાક મસ્તી ચાલે. સાંજે મને બગીચે ફરવા લઈ જાય. અત્યારે મોટાં થઈગ યાં તોય મામા-મામી કોઈપણ પ્રસંગે મને ફોન કરીને બોલાવે છે. મારા ભાઈઓ ગવર્નરના પર્સનલ ફોટોગ્રાફર એટલે મને રાજ્યપાલને નજીકથી મળવાનો મોકો મળ્યો છે. નાનાં બાળકોને મામાના ઘરનું આકર્ષણ હોય પણ સાચું કહું તો મને આજેય મામાના ઘરે જવાનું આકર્ષણ યથાવત છે. મારા જેવા માયાળુ મામા સૌને મળે.

**- લતા નિકુંજ શુક્લા**
**સેક્ટર-૨૭**

મોસાળ બોલતાંની સાથે ચાંદામામા જેવી શીતળતાનો અનુભવ થાય. મારું મોસાળ માયાનગરી મુંબઈમાં છે. મુંબઈના ગોરેગાંવમાં બે-રૂમ રસોડાના એક ફ્લેટમાં મારાં નાના-નાની, મોટા મામા-મામી, તેમનાં ત્રણ બાળકો, નાના મામા અને હું, બધાં રહેતાં. અહીં જગ્યાની થોડી સંકડાશ પણ બધાંનનાં દિલમાં આભ જેવી મોકળાશ. કૉલેજના ઉચ્ચ અભ્યાસ અર્થે બે વર્ષ હું મારા મોસાળમાં રહી હતી. મારી કૉલેજ જૂહૂમાં હતી એટલે ગોરેગાંવથી જૂહુ લોકલ ટ્રેનમાં જવા-આવવાનું થતું. ત્યારે મને બહુ મૂંઝવણ થતી, પરંતુ મારા મામા શરૂઆતમાં મારી સાથે આવતા. રેલવે સ્ટેશન પર આવેલ ઈન્ડીકેટર કેવી રીતે સમજવું, કઈ ટ્રેનમાં જવું વગેરે માર્ગદર્શન એ મને આપતા. મારાં પન્નામામી તો જાણે વહાલનો દરિયો. તેમના વહાલથી હું વારંવાર ભીંજાતી રહી છું. મોડી રાત સુધી હું વાંચતી હોઉં ત્યારે મામી અચૂક ચ્હા બનાવીને આપી જાય, સાથે નાસ્તો પણ ખરો જ.

દર રવિવારે અમારા ઘરની પાછળની ગલી ખાઉધરા ગલી બની જતી. ત્યાં લઈ જઈ મામી મને ભાવતી વાનગીઓ ખવડાવતાં. ક્યારેક મારો મૂડ સારો ન હોય તો બહાર ફરવા પણ લઈ જતાં. મારાં મામી મારાં પરમ મિત્ર બની ગયાં હતાં. આજે પણ મને સ્વર્ગનું સુખેય એમના સંગ આગળ ફિક્કું લાગે છે. મારા નાના કેરીની સીઝનમાં મોટા ટોપલા ભરીને કેરીઓ લાવતા, જે ખાવાની ખૂબ મજા પડતી. મારા નાના કે મારાં મામી આગળ હું જે પણ ઈચ્છા વ્યક્ત કરું તે તેઓ તરત જ પૂરી કરી દેતા. મને તો એવું જ લાગતું કે મારું મોસાળ એટલે જાણે સાક્ષાત કલ્પવૃક્ષ!

મારા માયાળુ મોસાળમાં વિતાવેલ અવિસ્મણીય સમયને હું ક્યારેય નહીં ભૂલી શકું. શત શત વંદન મારા માયાળુ મોસાળને અને મારાં પરમ મિત્ર પન્નામામીને.

**- આરતિ શુક્લ**
**સેક્ટર-૨૧**

# શરીરની ઊર્જાને કાયમ રાખવા ક્યારેય અધર્મ ન આચરશો

ગાંધીનગર, તા. ૧૬

જ્યોતિર્વિદ્ આચાર્ય અરુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં શિષ્ય, પંન્યાસપ્રવર અરવિંદસાગરજી મ.સા. તથા પંન્યાસપ્રવર મહેન્દ્રસાગરજીને તા.૧૭ એપ્રિલે સીમંધરસ્વામીજી જૈન દેરાસર સામે, અંકુર રોડ, નારણપુરા ખાતે ‘આચાર્યપદ’ પ્રદાન થઈ રહ્યું છે. આ નિમિત્તે ‘સૂરિ સિંહાસન રાજતિલક’ મહોત્સવનો શનિવારથી પ્રારંભ થયો છે.

તમારે સ્વસ્થ રહેવું હોય તો કરુણા રાખો, બીજાની સાથે પ્રેમપૂર્ણ અભિગમ અપનાવો, એમ જાણીતા મોટિવેશનલ સ્પીકર રાહુલ કપૂર જૈને શનિવારે અમદાવાદ ખાતે ‘સૂરિ સિંહાસન રાજતિલક’ મહોત્સવનાં પ્રથમ દિવસે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આજના સમયમાં જો નવી પેઢીને ધર્મનું પ્રશિક્ષણ આપવું હશે તો તેને માત્ર ભક્તિથી નહીં ચાલે તેને જ્ઞાન-વિજ્ઞાનનાં તર્ક સાથે સમજાવવું પડશે, એમ કહી રાહુલ કપૂર જૈને જણાવ્યું કે જો તમારે કોઈની સાથે વાતચીત કરવી હોય તો ખૂબ જ હકારાત્મકતાથી, મૃદુવાણીથી અને પ્રેમપૂર્વક કરવી જોઈએ અને તેનું રિઝલ્ટ પણ તમને મળી જશે. તમારે સ્વયં જો એ પ્રયોગ કરવો હોય તો તમે જે પાણી પીવો છો, તેની સાથે એ કરી જો જો એક બોટલમાં જે પાણી છે, તેની સાથે વાતચીત કરો. તેને પ્રેમપૂર્વક કહો કે આ જે પાણી છે, તે મારા શરીર માટે ઉપયોગી છે, તે મારા શરીરમાં ગયા પછી મને ઠંડક આપશે અને મારી તરસને તૃપ્ત કરશે અને તે મારા માટે મહત્ત્વનું છે. આની વૈજ્ઞાનિક અસર પણ થાય છે. આવું કેમ થશે/ કેમકે તમારા શરીરમાં સૌથી વધુ હિસ્સો જેનો છે, એવું પાણી તમારી અંદર જશે, તે પોઝિટિવ બનશે. તેમણે કહ્યું કે જ્યારે તમે તાળી પાડો છો ત્યારે ઈલેટ્રો મેગ્નેટિક એનર્જી ઉત્પન્ન થાય છે. જ્યારે તમારા શરીરમાં પણ પોઝિટિવ, નેગેટિવ એનર્જી હોય છે. ઘણાં કહે કે લકવો થઈ ગયો ત્યારે અડધું અંગ કાર્ય નથી કરતું એટલે કે ત્યાં ઊર્જાનો અભાવ સર્જાયો છે. એટલે તમારે જો શરીરમાં જે ઊર્જા રહેલી છે, તેને સારી રાખવી હોય તો અધર્મ ન કરો એટલે કે ક્રોધનો ત્યાગ કરો, ઈર્ષ્યાનો ત્યાગ કરો, લોભ ન કરો, વિવેકશીલ બનો, સત્યનિષ્ઠ રહો અને આ બધા ગુણોને કારણે જ સાધુ-સંતોના ચહેરા ઉપર એક અલગ તેજ હોય છે, તે બીજું કઈ નહીં, પણ શરીરની એક ઊર્જા જોવા મળે છે.